**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૯/૧/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૯ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી ૦૮ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ એક્ટીવા સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધાર મુજબ ૦૧ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૮૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૬૬/૧૫**

**ખાડીયા** : પંકીતભાઇ રજનીકાંત શાહ (રહે.સમર્પણ ટાવર, ૧૩૨ ફુટ રીંગરોડ, નારણપુરા) એ તા.૮/૧/૧૫ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧/૧૫ રાતનાં ૯/૧૫ થી તા.૫/૧/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ખાડીયા મીનીબાલા હનુમાન પાસે, ધનપીપળીની ખડકી, નાની કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દુકાન નંબર ૩૦૧ ના શટર અને જાળીનાં તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી સોનાનો તાર ૧૩૫ ગ્રામ, કિંમત રૂપિયા ૩,૪૨,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એમ.પનારીયા ચલાવે છે.

**વસ્ત્રાપુર** : રાહુલભાઈ પ્રવીણભાઈ ગામોટ (રહે.અતીત એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧/૧૫ નાં કલાક ૦૦/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન એસન્ટ કારમા આવેલ અજાણ્યા ત્રણ ઈસમો પોતાના મકાનનો મુખ્ય દરવાજો અને જાળીનાં તાળા કોઇ સાધનથી ખોલી, ઘરમાં પ્રવેશ કરી તીજોરીનું તાળુ તોડી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચાવડા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭/૧૫</u>**

**ચાંદખેડા :** સરોજબહેન નરેન્દ્રકુમાર પરમાર (ઉ.વ.૪૫)(રહે.ગાયત્રીનગર ગુ.હા.બોર્ડ, ચાંદખેડા)એ તા.૭/૧/૧૪ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે માનશીક રીતે બીમાર હોઇ પોતાના ઘરે પોતાની જાતે શરીરે કેરોસીન છાંટી સળગી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લાવતાં, સારવાર દરમ્યાન રાતનાં ૧૦/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.